GUJARAT VIDYAPITH KRISHI VIGYAN KENDRA
AMBHETI, DIST.– VALSAD (GUJARAT)

# NEWSLETTER

JAN-JUNE,2015

Number 7



*My life is My Message*

**PATRON**
Dr R. A. Khimani

**Chief Editor**
Dr R. F. Thakor
Programme Coordinator

**Editorial Team**
Shri K. A. Patel
Shri A. R. Patel
Shri L.T .Kapur

**Support**
Shri M.M. Gajjar
Dr. B.B. Patel
Dr. B. M. Patel
Shri P.J. Joshi
Smt P. R. Ahir
Shri P.R. Patel

**Quarterly Newsletter Published by**

**Gujarat Vidyapith
KRISHI VIGYAN KENDRA
AMBHETI –396 191
Dist. Valsad (Gujarat)**
Phone No. :02633-260055
E-mail: kvkvalsad@gmail.com
Website : www.kvkvalsad.org

"My only desire is that India should be a good producer and no one should be hungry, shedding tears for food in the country"

-Sardar Vallabhbhai Patel

## Agri. Technology Week

Agri. Technology week was celebrated at KVK,Ambheti during 3-7/02/15. Agri. Fair and Agri. Exhibition were organized as a part of programme in which about 5000 farmers were participated. Dr K.C.Patel, Hon. MP (Valsad) motivated the farmers to take the advantages of scientists of KVK by involving in various activities of KVK. Smt. Meenaben Chaudhari, Hon. President, District Panchayat, Valsad and Shri. Babubhai Raut, President, Taluka Panchayat -Kaparada guided the farmers and farm women. The members of district and taluka panchayat and Sarpanchs of Ambheti and other villages were also remain present in this event. Dr. N. I. Shah (Navsari Agri. Uni.), Shri. Ashokbhai (Dy. Regional Manager, BOB) and Officers of ATMA Project, Department of Agriculture and Animal Husbandry gave useful information to the participants. All the dignitaries appreciated the developmental activities of KVK.





## કૃષિ તાંત્રિકતા સપ્તાહ

તા. ૩–૭ ફેબ્રુઆરી, ૨૦૧૫ દરમ્યાન આયોજીત કૃષિ તાંત્રિકતા સપ્તાહના ભાગરૂપે બે દિવસીય કૃષિ મેળા વ કૃષિ પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. જેમાં વલસાડ જીલ્લાના અંદાજીત ૫૦૦૦ ખેડુતોએ ભાગ લીધો હતો. સદર કાર્યક્રમમાં ડૉ. કે.સી. પટેલ, માનનીય સંસદસભ્યશ્રી, વલસાડ એ જીલ્લાના ખેડુતોને કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ખેડુતલક્ષી પ્રવૃતિઓમાં સક્રિય ભાગ લઈ ખેતીને સમૃધ્ધ કરવા જણાવ્યુ હતું. શ્રીમતિ મીનાબેન ચૌધરી, માનનીય પ્રમુખશ્રી, જીલ્લા પંચાયત, વલસાડ તથા શ્રી બાબુભાઈ રાઉત, પ્રમુખશ્રી, તાલુકા પંચાયત કપરાડા દ્વારા ઉપસ્થિત ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવેલ. આ પ્રસંગે જિલ્લા તથા તાલુકાના પંચાયત સભ્યો તેમજ અંભેટી તથા અન્ય ગામોના સરપંચશ્રીઓએ પણ હાજરી આપી હતી.

ડૉ. નિતીન શાહ (સહ. સં. વૈજ્ઞાનિક, નવસારી કૃષિ યુનિ). શ્રી અશોકભાઈ (ડેપ્યુટી રીજીયોનલ મેનેજર, બેંક ઓફ બરોડા), આત્મા પ્રોજેકટ, ખેતીવાડી અને પશુપાલન ખાતાના અધિકારીશ્રીઓએ ઉપસ્થિત ખેડુતોને ઉપયોગી વિવિધ માહિતી પુરી પાડી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ની ખેડુત વિકાસલક્ષી પ્રવૃતિઓને બિરદાવી હતી.

**કિસાન કોલ સેન્ટર ૧૫૫૧ અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૮૦૧૫૫૧**

## Major Events

### Agri. Exhibition



An Agri. Exhibition was also arranged as a part of Agri. Technology Week. About 70 stalls from various agencies like farm machinery, seed, organic product, SHGs, biopesticides, bank, JSS, etc. were exhibited. The farmers got useful information on latest agriculture technologies.

### Farmers Shibirs



As a part of techno week, farmers shibir on Dairy Management, Soil and water conservation and Organic farming were orgainized at Pati, Suliya and Ozarda village respectively. More than 500 farmers were guided on relevant topics by the experts of KVK.

### Shibir on IPM in vegetable crops



Farmer Shibir on Integrated Pest Management in vegetable crops was organized at Saronda village of Umargam Taluka on 13/01/2015. About 100 farmers were guided about various technologies of IPM by the experts of KVK and Navsari Agri. University, Navsari.

### Workshop on Organic Farming Policy

A workshop on "**Gujarat organic farming policy**" was organized at KVK for Programme Coordinators and SMSs of KVKs of Gujarat on 08/06/15. About 50 Scientists of different KVKs were participated in this workshop. Shri. Kapil Shah ( JATAN Trust, Vadodara) explained in details about Organic Farming Policy of Gujarat -2015. The Registrar of Gujarat Vidyapith, Dr. Khimani explained the present status and scope of organic farming in Gujarat. Dr. Thakkar, DEE, SDAU, motivated the participants to transfer various technologies regarding organic farming. The Vice Chancellor of Gujarat Vidyapith, Dr Anamik Shah inspired the house to play the major role in implementation and expansion of organic farming in Gujarat.



## ખાસ કાર્યક્રમોની ઝલક

### કૃષિ પ્રદર્શન

કૃષિ તાંત્રિકતા સપ્તાહના ભાગ રૂપે કેન્દ્ર ખાતે ભવ્ય કૃષિ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ. સમગ્ર જીલ્લામાંથી ફાર્મ મશીનરી, બિયારણ, સજીવખેતી, સ્વસહાય જુથો, જૈવિક જીવાત નિયંત્રણ, બેંક, જન શિક્ષણ સંસ્થાન વગેરેના ૭૦ જેટલા સ્ટોલ પરથી ખેડુતોએ કૃષિની નવિનતમ્ તાંત્રિકતાઓ વિશે માહીતી મેળવી હતી.

### ખેડુત શિબીરો

કૃષિ તાંત્રિકતા સપ્તાહ અંતર્ગત તા. ૦૫/૦૨/૧૫ ના રોજ પાટી ગામે પશુપાલન, તા. ૦૬/૦૨/૧૫ ના રોજ સુલીયા ગામે જળ જમીન સંરક્ષણ તથા તા. ૦૭/૦૨/૧૫ ના રોજ ઓઝરડા ગામે સજીવ ખેતી વિશે આયોજીત ખેડુત શિબીરોમાં ૫૦૦ થી વધુ ખેડુતોને કેન્દ્રના તજજ્ઞો દ્વારા ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતું.

### સંકલિત જીવાત નિયંત્રણ શિબીર

શાકભાજી પાકોમાં સંકલિત જીવાત નિયંત્રણ વિશે તા. ૧૩/૦૧/૧૫ ના રોજ ઉમરગામ તાલુકાના સરોંડા ગામે આયોજીત ખેડુત શિબીરમાં ઉપસ્થિત ૧૦૦ જેટલા ખેડુતોને કેન્દ્રના તથા નવસારી કૃષિ યુનિ. નવસારીના તજજ્ઞો દ્વારા ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતું.

### સજીવ ખેતી નીતિ કાર્યશાળા

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા ગુજરાતના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના તજજ્ઞો માટે ગુજરાતની સજીવ ખેતી નીતિ વિશે કેન્દ્ર ખાતે તા. ૦૮/૦૬/૧૫ ના રોજ આયોજીત વર્કશોપમાં રાજયના જુદા જુદા જિલ્લાઓના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના કુલ ૫૦ જેટલા પ્રોગ્રામ કોઓર્ડીનેટરશ્રીઓ તથા વિષય નિષ્ણાંતોએ ભાગ લીધો હતો. જતન ટ્રસ્ટ, વડોદરાના શ્રી કપિલભાઈ શાહે ગુજરાતની સજીવ ખેતી નીતિ–૨૦૧૫ ની વિસ્તૃત સમજ આપી હતી. ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રી ડૉ. ખીમાણીએ જિલ્લાવાર સજીવ ખેતીની હાલની સ્થિતિ તથા તેના વિસ્તરણ માટેના અવકાશ અંગે સમીક્ષા કરી સજીવ ખેતીનો વ્યાપ વધારવા માટે માર્ગદર્શન પુરૂ પાડયું હતું. સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સીટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. ઠકકરે સજીવ ખેતીની વિવિધ તાંત્રિકતાઓને ખેડુતો સુધી પહોંચાડવા માટે જરૂરી દિશા સૂચન કર્યુ હતું. ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી ડૉ. અનામિક શાહે કે.વી.કે.ના વૈજ્ઞાનિકોને ગુજરાતના ખેડુત સમાજને સજીવ ખેતી તરફ વાળવા માટે મહત્વની ભૂમિકા અદા કરવા આહવાન કર્યુ હતું.

## Field Day

**Crop : Greengram**

During Rabi 2015, FLD on Meha variety of Green gram was organized at Chival, Goima and Dhodhadkuva villages on 7.6 ha (74 farmers) . Field day was organized on demo plot in which 106 farmers participated. The mosaic resistant var. Meha gave 23.18 % higher yield over local variety.



## ક્ષેત્ર દિન

**પાક : મગ**

રવી ઋતુમાં ચીવલ, ગોયમા અને ધોધડકુવા ગામે ૭.૬ હે. વિસ્તારમાં (૭૪ ખેડુતો) મગની મેહા જાતના નિદર્શન ગોઠવેલ. જે અંતર્ગત ગોઠવવામાં આવેલ ક્ષેત્ર દિનમાં ૧૦૬ જેટલા ખેડુતોએ ભાગ લીધેલ. પંચરંગિયા રોગ સામે પ્રતિકારક મેહા જાતમાં ૨૩.૧૮ % જેટલો ઉત્પાદનમાં વધારો જોવા મળેલ.

**Crop : Gram**

During Rabi 14-15 FLD on Gram was conducted on 7.5 ha (70 farmers) at Arnala, Mendha and Chival villages. Field day was organized at Arnala village in which 125 farmers participated. The demo variety G.G.-2 gave 28.68 % higher yield.



**પાક : ચણા**

રવી ઋતુમાં અરનાલા, મેણધા અને ચીવલ ગામે ૭.૫ હે. વિસ્તારમાં (૭૦ ખેડુતો) ચણા પાકના નિદર્શન ગોઠવેલ. જે અંતર્ગત અરનાલા ગામે ગોઠવવામાં આવેલ ક્ષેત્ર દિનમાં ૧૨૫ જેટલા ખેડુતોએ ભાગ લીધેલ. નિદર્શિત જાત જી.જી.૨માં ૨૮.૬૮ % જેટલો વધારો જોવા મળેલ.

**Crop : Fodder Sorghum**

During Rabi 14-15, FLD on Multi cut Fodder Sorghum was conducted on 7.00 ha (150 farmers) at Pati village of Pardi block. Field day was also organized in which 167 farmers participated .



**પાક : ઘાસચારાની જુવાર**

રવી ઋતુમાં પાટી ગામે ૭ હે. વિસ્તારમાં (૧૫૦ ખેડુતો) મલ્ટીકટ ઘાસચારાની જુવારના નિદર્શન ગોઠવવામાં આવેલા. જે અંતર્ગત ક્ષેત્ર દિન ગોઠવવામાં આવેલ. જેમાં લગભગ ૧૬૭ જેટલા ખેડુતોએ ભાગ લીધેલ.

## New Front Line Demonstration

| Crop | Variety | Area (ha)/ No.of Farmers | Villages |
|---|---|---|---|
| Paddy | GAR-13 | 33.00 ha (183 farmers) | Ozrda, Asthma, Rohina, Rabdi, Goima, Arnala, Chival, Sadadvera |
| Nagli | G.Nagli 5 | 20.00 ha 100 farmers | Mendha, Hanmatmal, Kolvera, Chandvegan |
| Bitter gourd | F 1 Hybrid | 3.50 ha (35 farmers) | Nandgam, Ozarda |
| SIRA in Paddy | GAR-13 | 5.00 ha (25 farmers) | Goima, Dhodhadkuva |

## નવા (ખરીફ-૧૫) અગ્ર હરોળ નિદર્શન

| પાક | જાત | વિસ્તાર (હે)/ ખેડુતો | ગામ |
|---|---|---|---|
| ડાંગર | જી. એ.આર. ૧૩ | ૩૩ હે. (૧૮૩ ખેડુતો) | ઓઝરડા, આસમા, રોહીણા, રાબડી, ગોઇમા, અરનાલા, ચીવલ, સાદડવેરા |
| નાગલી | ગુ. નાગલી-૫ | ૨૦ હે. (૧૦૦ ખેડુતો) | મેણધા, હનમતમાળ, કોલવેરા, ચાંદવેગણ |
| કારેલા | F1 હાઇબ્રીડ | ૩.૫ હે. (૩૫ ખેડુતો) | નાંદગામ, ઓઝરડા |
| ડાંગરમાં સીરા | જી. એ.આર. ૧૩ | ૫.૦ હે (૨૫ ખેડુતો | ગોયમા, ધોધડકુવા |

## NICRA Project

**Publication**

A book entitled " Impact of Technology Demonstrations for Climate Resilient Agriculture - Experiences of KVK-Valsad" was released during Zonal Workshop at Udaipur.



## નિકરા પ્રોજેક્ટ

**પ્રકાશન**

કેન્દ્ર દ્વારા તૈયાર કરવામાં આવેલ "ઈમ્પેકટ ઓફ ટેકનોલોજી ડેમોનસ્ટ્રેશન્સ ઓન કલાઈમેટ રેસીલીયન્ટ એગ્રીકલ્ચર" નામની પુસ્તિકાનું ઉદેપુર ખાતે ઝોનલ વર્કશોપ દરમ્યાન વિમોચન કરવામાં આવ્યું.

**New Intervention**

The latest variety of Bean NPS - 1 was introduced as intercrop in sugarcane in NICRA village Khuntali which performed better.

**નવિન નિદર્શન**

નિકરા ગામ ખુંટલીમાં શેરડીમાં આંતરપાક તરીકે પાપડીની નવીનતમ જાત એન.પી.એસ.૧ ના નિદર્શન ગોઠવવામાં આવેલ. જેના સારા પરિણામ મળેલ.

## SAC Meeting

25th Scientific Advisory Committee meeting was organized on 20th January, 2015 at KVK, Ambheti under the Chairmaship of Dr R.A.Khimani (Registrar, GVP). Dr Meena (ZPD Unit, Jodhpur) and other 16 members remain present and discussed the activities of KVK



## Animal Treatment Camp

Four animal treatment camps were organized by KVK in Pati, Dhodhadkuva, Ambheti and Karjun village. About 179 animals were treated in these programmes.



## Soil Health Camp

A soil health camp was organized in Chandvegan village of Kaprada block to aware the farmers about soil health and INM in paddy and finger millet crops. About 100 farmers were participated. Groups of farmers were provided Liquid bio-fertilizers



## Soil Testing Campaign

In this programme, about 150 farmers of Mendha, Kaprada, Chandvegan, Rohina, Goima, Rabdi, and Asma village were participated. Their soil samples were also tested on the spot and advised accordingly.




## વૈજ્ઞાનિક સલાહકાર સમિતીની બેઠક

૨૫મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતીની બેઠક તા. ૨૦-૦૧-૨૦૧૫ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી ખાતે ડૉ. રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં ડૉ મીના (ઝોનલ પ્રોજેકટ ડાયરેકટર યુનિટ, જોધપુર) તથા અન્ય ૧૬ સભ્યોએ હાજરી આપી કેન્દ્રની કામગીરીને બિરદાવી હતી.

## પશુ સારવાર કેમ્પ

કેન્દ્ર દ્વારા પાટી, ધોધડકુવા, અંભેટી અને કરજુન ગામોમાં ચાર પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૭૯ જેટલા પશુઓને સારવાર આપવામાં આવી.

## જમીન તંદુરસ્તી કેમ્પ

ખેડુતોને ડાંગર અને નાગલી પાકમાં સંકલિત પોષણ વ્યવસ્થાપન અને જમીન તંદુરસ્તી અંગેની નવિનતમ્ તાંત્રિકતાઓ વિશે માર્ગદર્શન મળી રહે તે હેતુસર કપરાડા તાલુકાના ચાંદવેગણ ગામે જમીન તંદુરસ્તી કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં ચાંદવેગણ અને આજુબાજુના ગામોના અંદાજીત ૧૫૦ ખેડુતોએ ભાગ લીધો હતો.

## જમીન ચકાસણી ઝુંબેશ

આ કાર્યક્રમમાં કપરાડા તાલુકાના મેણધા, કપરાડા અને ચાંદવેગણ તથા પારડી તાલુકાના રોહીણા, ગોઈમા, રાબડી અને આસ્મા ગામના અંદાજીત ૧૫૦ ખેડુતોએ ભાગ લઈ પોતાના ખેતરની જમીનના નમૂનાઓની સ્થળ પર જ ચકાસણી કરાવી અને ચકાસણી રીપોર્ટ મેળવેલ.

## Other Activities

- Seed material supplied to farmers : Paddy (6700 kg), Vegetable seedlings (2 Lac no.,Brinjal), Green fodder ( 91,800 tussucks) and 1824 Fruit fly traps supplied to the farmers.
- The experts of KVK actively participated in Krishi Mahotsav and Gandhi Mela at different places of the district.
- Various activities in coordination with ATMA were also conducted.

## અન્ય પ્રવૃત્તિઓ

- ડાંગર (૬૭૦૦ કિ.ગ્રા), શાકભાજી (રીંગણના ૨ લાખ ધરુ), લીલા ઘાસચારાના જડીયા (આશરે ૯૧૮૦૦) તથા ૧૮૨૪ ફળમાખી ટ્રેપ ખેડુતોને પુરા પાડવામાં આવ્યા.
- જિલ્લામાં જુદી જુદી જગ્યાએ યોજાયેલ કૃષિ મહોત્સવમાં તથા ગાંધી મેળામાં કેન્દ્રના તજજ્ઞોએ સક્રીય ભાગ લીધો.
- આત્મા પ્રોજેકટના સંકલનમાં અનેકવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી.

**BOOK- POST**

**To,**

____________________

____________________

____________________

____________________

**From-**
Gujarat Vidyapith
Krishi Vigyan Kendra
Ambheti, Via Vapi
Ta. Kaparada, Dist. Valsad (Guj.) 396 191